# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) સંસદમાં આપત્તિ વ્યવસ્થાપન સુધારા વિધેયક 2024 અને બૉયલર વિધેયક 2024, જ્યારે લોકસભામાં નાણા વિધેયક 2025 પસાર.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, કાશ્મીરમાં અલગાવવાદ હવે ઇતિહાસ બન્યો.
3) કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, 2047 સુધીમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં લઘુમતી સમુદાયનું યોગદાન મહત્વનું હશે.
4) દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું: 'મહિલાઓની સલામતી માટે 50 હજાર CCTV કૅમેરા લગાવાશે.'
5) અમદાવાદમાં આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે IPLનો મુકાબલો.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RS DISASTER MGT BILL

સંસદમાં આજે આપત્તિ વ્યવસ્થાપન સુધારા વિધેયક 2024 અને બૉયલર વિધેયક 2024, જ્યારે લોકસભામાં નાણા વિધેયક 2025 પસાર કરવામાં આવ્યું.

આપત્તિ વ્યવસ્થાપન સુધારા વિધેયક આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ 2005માં સુધારો કરે છે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તેમ જ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળોના કાર્યક્ષમ કાર્યને મજબૂત બનાવશે. આ વિધેયક બંને સત્તામંડળોને રાષ્ટ્રીય કાર્યકારી સમિતિ અને રાજ્ય કાર્યકારી સમિતિને બદલે રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે આપત્તિ યોજના તૈયાર કરવાની સત્તા આપે છે.

આ વિધેયક પર ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, આપત્તિઓનું કદ અને માપ બદલાયા છે અને પ્રતિભાવ પણ તે મુજબ બદલાવવા જોઈએ. સરકાર પ્રતિક્રિયાત્મક પ્રતિભાવથી સક્રિય જોખમ ઘટાડા તરફ આગળ વધવાનો આ વિધેયકનો હેતુ છે.

**(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

# RS DISASTER MGT BILL

રાજ્યસભામાં આપત્તિ વ્યવસ્થાન સુધારા વિધેયક 2024 પર ચર્ચાનો પ્રારંભ કરતા કૉંગ્રેસના નીરજ ડાંગીએ કહ્યું, આ ખરડામાં પીએમ કેર્સ ફંડ કે તેના ઉપયોગ અંગે કોઈ માહિતી આપવામાં નથી આવી. આ ટિપ્પણી પર સત્તાપક્ષે વિરોધ દર્શાવ્યો હતો.

ભાજપના બ્રિજલાલે કહ્યું, આપત્તિ વ્યવસ્થાપનની મુખ્ય જવાબદારી રાજ્ય સરકારોની છે. તેમણે કહ્યું, કેન્દ્ર સરકાર આપત્તિઓ મામલે રાજ્યોને શક્ય તમામ સહાય આપે છે. શ્રી લાલે ઉમેર્યું, આપત્તિ સંભવિત વિસ્તારોમાં તાત્કાલિક પ્રતિક્રિયા માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRFની સ્થાપના કરવામાં આવી છે. તેમણે કહ્યું, કેન્દ્ર સરકારે 23 જૂન 2023ના દિવસે 19 રાજ્યમાં રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- SDRF ટુકડીની સ્થાપના માટે છ હજાર 194 કરોડ રૂપિયા આપ્યા છે. તૃણમૂલ કૉંગ્રેસનાં રિતાબ્રજ બેનરજીએ N.D.A. શાસિત કેન્દ્ર સરકાર પર વિપક્ષ શાસિત રાજ્યોનું ભંડોળ રોકવાનો પણ આક્ષેપ લગાવ્યો.

# LS FINANCE BILL

લોકસભાએ આજે નાણા વિધેયક, 2025ને પસાર કર્યું છે. આ વિધેયકનો ઉદ્દેશ નાણાકીય વર્ષ 2025-26 માટે કેન્દ્ર સરકારના નાણાકીય પ્રસ્તાવોને અમલમાં મુકવાનો છે. નાણા વિધેયક પર ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું: 'વિધેયકમાં કરદાતાઓને સન્માન આપવા અને વ્યવસાયની સરળતા માટે કરમાં રાહત અપાઈ છે.'

સુશ્રી સીતારમણે કહ્યું: 'દેશના લોકોની અપેક્ષા અને વર્ષ 2047 સુધી વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા નાણા વિધેયકમાં અનેક પગલાં લેવાયા છે.' કસ્ટમ્સ વિધેયકનો ઉદ્દેશ ડ્યૂટી માળખાને તર્કસંગત બનાવવાનો છે. તેનાથી ઉત્પાદન એકમોને મદદ અને નિકાસને પ્રોત્સાહન મળશે તેમ પણ સુશ્રી સીતારમણે ઉમેર્યું હતું. આ પહેલા ચર્ચામાં ભાગ લેતા કૉંગ્રેસના એસ. જોથિમણિએ દેશમાં બેરોજગારીનો મુદ્દો ઉઠાવતા સરકાર પર આક્ષેપ કર્યા હતા.

# LS BOILERS BILL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આજે લોકસભામાં બૉયલર વિધેયક 2024ને વિચાર અને પસાર કરવા રજૂ કર્યું. આ બૉઈલર અધિનિયમ, 1923ને રદ કરે છે. આ વિધેયકમાં બૉયલરના નિયમન, વરાળ બૉયલરના વિસ્ફોટના જોખમથી લોકોના જીવ અને મિલકતની સલામતી માટે જોગવાઈ કરવામાં આવી છે. તેમાં દેશમાં બૉયલરના નિર્માણ અને ઉપયોગ વખતે નોંધણી અને નિરીક્ષણમાં એકરૂપતાની પણ જોગવાઈ છે.

આ વિધેયકથી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ- MSME ક્ષેત્ર સહિત બૉયલર ઉપયોગકર્તાઓને લાભ થશે. સાથે જ વિધેયકમાં બૉયલર સંભાળતા કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા સાત ગુનામાંથી ચાર મુખ્ય ગુનાઓ કે, જેનાથી જાનમાલનું નુકસાન થઈ શકે છે તે માટે ફોજદારી દંડ યથાવત્ રખાયો છે, અન્ય ગુનાઓ માટે રાજકોષીય દંડની પણ જોગવાઈ છે.

# SHAH JK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, કાશ્મીરમાં અલગાવવાદ હવે ઇતિહાસ બની ગયો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકારની નીતિઓના કારણે જમ્મુ-કાશ્મીરમાંથી અલગાવવાદનો સંપૂર્ણપણે અંત આવ્યો છે. શ્રી શાહે કહ્યું, હૂર્રિયતના બે જૂથે અલગાવવાદ સાથે તમામ પ્રકારના સંબંધ તોડવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયને આવકારતા શ્રી શાહે અન્ય જૂથને પણ અલગાવવાદનો રસ્તો હંમેશા માટે છોડી દેવા આગ્રહ કર્યો. તેમણે આને વિકસિત, શાંતિપૂર્ણ અને અખંડ ભારતને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વની સિદ્ધિ ગણાવી.

# RIJIJU MINORITIES CONFERENCE

ભારતને વર્ષ 2047 સુધી આત્મનિર્ભર દેશ બનાવવામાં લઘુમતી સમુદાયનું યોગદાન મહત્વનું હશે. લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ આજે નવી દિલ્હીમાં લઘુમતીઓના એક સંમેલનમાં આ મુજબ જણાવ્યું. તેમણે લઘુમતી સમુદાયના શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર પણ ભાર મુક્યો.

શ્રી રિજિજૂએ કહ્યું, સરકાર મુસ્લિમ, ઈસાઈ, સિખ, બૌદ્ધ, જૈન અને પારસી એમ છ સૂચિત સમુદાયના વિકાસ માટે અનેક વ્યક્તિગત યોજનાઓ ચલાવી રહી છે. શ્રી રિજિજૂએ રાજ્ય લઘુમતી પંચના તમામ હિતધારકોને લઘુમતી સમુદાયના વિકાસ માટે મહત્વની યોજનાઓના અમલીકરણ માટે શક્ય તમામ નાણાકીય સહાય પૂરી પાડવાનું આશ્વાસન પણ આપ્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DELHI BUDGET

દિલ્હીનાં મુખ્યમંત્રી અને નાણામંત્રી રેખા ગુપ્તાએ આજે દિલ્હી વિધાનસભામાં નાણાકીય વર્ષ 2025-26 માટેનું એક લાખ કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું. દિલ્હીમાં નવી રચાયેલી ભાજપની સરકારનું આ પહેલું અંદાજપત્ર છે. દરમિયાન સુશ્રી ગુપ્તાએ જાહેરાત કરી કે, રાષ્ટ્રીય રાજધાનીમાં 100 સ્થળ પર અટલ કૅન્ટિન બનાવાશે.

(બાઈટઃ રેખા ગુપ્તા, મુખ્યમંત્રી)

મુખ્યમંત્રીએ એ પણ જાહેરાત કરી કે, મહિલાઓની સલામતી માટે રાજધાનીમાં 50 હજાર સીસીટીવી કૅમેરા લગાવાશે. તેમણે કહ્યું, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે ત્રણ હજાર 200 કરોડ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પડાશે. દિલ્હી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર 28 માર્ચ સુધી ચાલશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.Lમાં આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાતી મેચમાં ગુજરાત ટાઈટન્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને પંજાબ કિંગ્સની ટીમ શ્રેયસ અય્યરના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, પંજાબ કિંગ્સે 5 ઑવર એક બૉલમાં 1 વિકેટ ગુમાવી 63 રન બનાવ્યા છે.

આ પહેલા ગઈકાલે દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને એક વિકેટથી હરાવ્યું હતું. લખનઉની ટીમે જીતવા માટે 210 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જોકે, દિલ્હીની ટીમે 19 ઑવર ત્રણ બૉલમાં નવ વિકેટે 211 રન કરીને મેચ જીતી લીધી હતી.

# KHELO INDIA PARA GAMES

દિલ્હીમાં ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સના છઠ્ઠા દિવસે નિશાનેબાજ અને પાવર લિફ્ટર્સે શાનદાર પ્રદર્શન કર્યું. આજે ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે, આકાશે મિશ્ર 50 મીટર પિસ્તોલમાં  સુવર્ણ ચંદ્રક, સંજીવ કુમારે રજત અને રુદ્રાંશે કાંસ્ય ચંદ્રક જીત્યા.

દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં રમાયેલી  પાવર લીફટિંગ સ્પર્ધા એલિટ 80 કિગ્રામાં સંદેશ બી. હા. મુરુગને સુવર્ણ ચંદ્રક, જ્યારે મુરુગને રજત અને જયદીપે કાંસ્ય ચંદ્રક જીત્યા. દરમિયાન, કસ્તુરીએ એલીટ 67 કિલોગ્રામમાં કસ્તુરીએ સુવર્ણ ચંદ્રક, મેઘા પાંડેએ રજત અને જીવણીએ કાંસ્ય ચંદ્રક જીત્યા.

# GADKARI ROAD ACCIDENTS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું: ‘દેશમાં માર્ગ અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનારા લોકોમાં 60 ટકાથી વધુ 18થી 45 વર્ષની વયના હોય છે.’ શ્રી ગડકરી આજે નવી દિલ્હીમાં માર્ગ સલામતી પર A.M.C.H.A.M.ના ટેક્નોલૉજી હસ્તક્ષેપઃ યુએસ-ઇન્ડિયા ભાગીદારી વિષય પર યોજાયેલા કાર્યક્રમને સંબોધી રહ્યા હતા.

શ્રી ગડકરીએ કહ્યું, માર્ગ દુર્ઘટનાના કારણે દેશના કુલ ઘરેલું ઉત્પાદન-GDPને ત્રણ ટકાનું નુકસાન થઈ રહ્યું છે. તેમણે માર્ગ દુર્ઘટનાઓના સાચા કારણોનું યોગ્ય મૂલ્યાંકન કરવાની પણ જરૂરિયાત પર ભાર મુક્યો. શ્રી ગડકરીએ સરકારની ગુડ સૅમેરિટન્સ યોજનાનો ઉલ્લેખ કર્યો, જે અંતર્ગત દુર્ઘટના પીડિતોની મદદ કરનારા લોકોને 25 હજાર રૂપિયાનું ઈનામ અપાય છે. કેન્દ્રીય મંત્રીએ વિદ્યાર્થીઓને નિયમોથી જાગૃત કરવા માટે શાળાના અભ્યાસક્રમોમાં પણ માર્ગ સલામતી શિક્ષણનો સમાવેશ કરવાનો આગ્રહ કર્યો.